# ૨ જુલાઇ – ૨૦૧૬ (શનિવાર)

**(૧) સ્વદેશી લડાયક વિભાન તેજસ વાયુસેનામાં સામેલ :**

- ભારતીય વાયુસેનામાં પહેલી જુલાઇના રોજ તેજસ લડાયક વિમાનની પ્રથમ સ્ક્વાડ્રન સામેલ થઇ.
- આરંભે તેજસના બે વર્જન એસપી–૧ અને એસપી–૨ સાથે સ્વાક્ડનની શરૂઆત થશે.
- એરફોર્સની એક સ્ક્વાડ્રનમાં ૧૬ થી ૧૮ લડાયક વિમાન હોય છે.
- હાલમાં ૨ તેજસ સામેલ થયા બાદ ૨૦૧૮ સુધીમાં આ સ્ક્વાડ્રનમાં બાકીના ૧૮ વિમાન સામેલ થગશે.
- તેજસ સ્ક્વાડ્રનનને 'ફ્લાઇંગ ડ્રેગન–૪૫' નામ આપવામાં આવ્યું છે.
- સંપૂર્ણ સ્વદેશી તેજસની બનાવટનું કામ બેંગ્લુરુ સ્થિત હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) સંભાળે છે.
- આ વિમાનને 'તેજસ' નામ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાયીએ આપ્યુ હતું.
- તેજસ ભારતનું બીજું સ્વદેશી ફાઇટર જેટ છે.
- વર્ષ ૧૯૬૭માં ભારતીય વાયુસેનામાં દાખલ થયેલ મારુત–એચ.એફ.–૨૪ વિમાનો દેશમાં નિર્માણ પામેલા ફાઇટર વિમાનો હતા.
- બાકીના ૧૮ ફાઇટર જેટ આ સ્ક્વાડ્રનમાં સામેલ થયા બાદ તેજસને બેંગ્લુરુથી ફેરવીને તમિલનાડુના સીલુર વાયુમથકે ગોઠવી દેવાશે.
- તેજસને વાયુસેનામાં દાખલ કરતાં પહેલા એરફોર્સના અધિકારીઓએ સર્વધર્મ પુજા કરી હતી.
- લશ્કરમાં કોઇ મહત્વપૂર્ણ શસ્ત્ર દાખલ થાય ત્યારે સર્વધર્મ પુજા કરવાની જુના પરંપરા છે.
- તેજસ કલાકના ૨ હજાર કિલોમીટરથી વધુની ઝડપે ઉડી શકે છે.
- તેમજ જરૂર પડ્યે કલાકના પોણા બસ્સો કિલોમીટરની ધીમી ઝડપે પણ ઉડી શકે છે.
- રડારની નજરથી બચતું તેજસ આઠ ટન સુધીના હથીયારનું વહન પણ કરી શકે છે.

**(૨) બાંગ્લાદેશમાં આતંકવાદી હુમલો**

- તાજેતરમાં બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં એક રેસ્ટોરન્ટમાં આઇએસના આતંકીઓ ૨૦ વિદેશીઓની હત્યા કરી.
- આ ૨૦ મૃતકોમાં એક ભારતીય યુવતી પણ હતી જેનું નામ તારિષિ જૈન હતું.

**(૩) દેશની પ્રથમ કોમર્શિયલ કોર્ટ છતીસગઢમાં :**

- છતીસગઢની રાજધાની રાયપુરમાં દેશની પ્રથમ કોમર્શિયલ કોર્ટ અને વેપારી વિવાદ સમાધાન કેન્દ્રની શરૂઆત થઇ
- રાજ્યના મુખ્યમંત્રી ડૉ. રમણસિંહ તથા સુપ્રિમકોર્ટના જજ મદન બી. લોકુરે તેનો શુભારંભ કર્યો હતો.
- આ કોમર્શિયલ કોર્ટમાં વિડિયો કોન્ફરન્સિંગ ઇ–કોર્ટ, ઇ–લાઇબ્રેરી, ઇ–ફ્લાઇંગ અને ઇ–સમન્સ જેવી આધુનિક સુવિધાઓ છે.

**(૪) નાસામાં ભારતીય ટીમે સ્પિરિટ એવોર્ડ જીત્યો :**

- રિમોધ્ધી ચાલતા વાહનની ડિઝાઇન બનાવવાની નાસાની વૈશ્વિક સ્પર્ધામાં ભારતીય એન્જિનીયરોની એક ટીમે સ્પીરીટ એવોર્ડ જીત્યો.
- 'સ્ક્રુડ્રાઇવર્સ' નામની આ ટીમ મુંબઇની મુકેશ પટેલ સ્કુલ ઓફ ટેકનોલોજીની છે.

**(૫) ગ્લોબલ હ્યુમન કેપીટલ ઇન્ડેક્સ :**

- કોઇપણ રાષ્ટ્ર પોતાના ટેલેન્ટેડ લોકોના કેટલો ઉપયોગ દેશના હિતમાં કરી શકે છે. તેના આધારે હ્યુમન કેપિટલ ઇન્ડેક્સ તૈયાર થાય છે.
- હ્યુમન કેપિટલ એટલે સાદા અર્થમાં માનવીય આવડતો.
- તાજેતરમાં વર્લ્ડ ઇકોનોમી ફોરમ દ્વારા ચીની શહેર તિઆનજીનમાં ગ્લોબલ હ્યુમન કેપીટલ ઇન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો.
- આ લિસ્ટમાં પ્રથમ ક્રમે યુરોપિયન દેશ ફિનલેન્ડ છે. જ્યારે નોર્વે અને સ્વિડન અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે.
- ભારત આ લિસ્ટમાં ૧૦૫માં ક્રમે છે, વર્લ્ડ ઇકોનોમી ફોરમ પ્રમાણે ભારત પોતાની ટેલેન્ટનો ૬૫ ટકા જ ઉપયોગ કરે છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ક્યું લડાયક વિમાન વાયુસેનામાં સામેલ થયું ?
- તેજસ

(૨) હાલમાં બે તેજસથી શરૂઆત થયેલ સ્ક્વાડ્રનનો શું નામ અપાયું છે ?
- ફ્લાઇંગ ડ્રેગન–૪૫

(૩) આ ફાઇટર જેટને તેજસ નામ ક્યાં મહાનુભાવે આપ્યું છે ?
- અટલ બિહારી વાજપાયી

(૪) તેજસ ભારતમાં કઇ જગ્યાએ અને કોના દ્વારા બનાવવામાં આવે છે ?
- બેંગ્લુરુ, હિન્દુસ્તાન, એરોનોટીક્સ લિમિટેડ

(૫) તેજસ ભારતનું કેટલામું સ્વદેશી ફાઇટર જેટ છે ?
- બીજું

(૬) ભારતનું પ્રથમ સ્વદેશી ફાઇટર જેટ ક્યું હતું ?

વિવેકાનંદ એકેડેમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧